પશુઓની ઝકાત

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«والذي نفســــــي بيده، ما من رجل تكون له إبل أو بقر أو غنم، لا يؤدى حقها، إلا أتى بها يوم القيامة أعظم ما تكون وأســمنه، تطؤه بأخفافها، وتنطحه بقرونها، كلما جازت أخراها ردت عليه أولاها حتى يقضى بين الناس»

અર્થાત્, સોગંદ છે એ જાતના, જેના કબજામાં મારા પ્રાણ છે ! જે વ્યક્તિની પાસે ઊંટ, ગાય અને બકરીઓ હોય અને તે તેનો હક્ક (ઝકાત) અદા ન કરે, તો કયામતના દિવસે એ તમામ પશુઓને લાવવામાં આવશે એ સ્થિતિમાં કે તે બધા બધી રીતે હૃષ્ટપુષ્ટ અને સારી સ્થિતિમાં હશે, એ તમામ પશુઓ પોતાના માલિકને પોતાના પગની નીચે કચડશે અને પોતાના શીંગડાઓથી મારશે. આ પશુઓના ટોળા એક પછી એક આ જ અમલને દોહરાવશે, ત્યાં સુધી કે તમામ લોકોનો હિસાબ-કિતાબ સંપૂર્ણ થઈ જશે. (મુત્તફિક અલયહિ)

ઊંટ, ગાય અને બકરીની ઝકાતનો નિસાબ અને દર અને તેની શરતોની વિગત નીચે મુજબ છે :

(૧) તેના પર એક પૂર્ણ હીજરી વર્ષ પૂરું થઈ ચૂક્યું હોય.

(૨) તે 'સાઈમા' હોવા જોઈએ, અર્થાત્ તેમનો ઉછેર ગોચરો, જંગલોમાં ચરીને થતો હોય. ખરીદીને ઘરોમાં ઘાસચારો ન ખવડાવવામાં આવતો હોય.

(૩) તેમની સંખ્યા નિસાબના પ્રમાણમાં હોય.

નિસાબ :

ઊંટ : જો ઊંટોની સંખ્યા ચાર હોય તો તેના પર કોઈ ઝકાત નથી અને જો આ સંખ્યા પાંચ થઈ જાય તો ઝકાત શરૂ થઈ જશે. ઊંટોની સંખ્યામાં વધારાની સાથે ઝકાતનો દર આ હશે :

૫ થી ૯ ઊંટો પર	:	એક બકરી (એક વર્ષની સાજી-સમી, તંદુરસ્ત)
૧૦ થી ૧૪ ઊંટો પર	:	બે બકરીઓ (એક વર્ષની સાજી-સમી, તંદુરસ્ત)
૧૫ થી ૧૯ ઊંટો પર	:	ત્રણ બકરીઓ (એક વર્ષની સાજી-સમી, તંદુરસ્ત)
૨૦ થી ૨૪ ઊંટો પર	:	ચાર બકરીઓ (એક વર્ષની સાજી-સમી, તંદુરસ્ત)
૨૫ થી ૩૫ ઊંટો પર	:	એક ઊંટણી કે ઊંટ (એક વર્ષનું)
૩૬ થી ૪૫ ઊંટો પર	:	એક ઊંટણી કે ઊંટ (બે વર્ષનું)
૪૬ થી ૬૦ ઊંટો પર	:	એક ઊંટણી કે ઊંટ (ત્રણ વર્ષનું)

www.uzairalahi.com

૬૧ થી ૭૫ ઊંટો પર : એક ઊંટણી કે ઊંટ (ચાર વર્ષનું)

૭૬ થી ૯૦ ઊંટો પર : બે ઊંટણીઓ (બે વર્ષની)

૯૧ થી ૧૨૦ ઊંટો પર : ત્રણ ઊંટણીઓ (ત્રણ વર્ષની)

જ્યારે ઊંટોની સંખ્યા **૧૨૦ થી વધારે** થઈ જાય, તો **પ્રત્યેક ૪૦ ઊંટો પર બે વર્ષની એક ઊંટણી** અને પ્રત્યેક **૫૦ ઊંટો પર ત્રણ વર્ષની એક ઊંટણી** ઝકાતમાં આપવામાં આવશે. (બુખારી, અબૂ દાઊદ, તિરમિઝી)

ગાય અને ભેંસ :

૩૦ થી ઓછી ગાયો પર ઝકાત નથી. જ્યારે તેમની સંખ્યા ૩૦ થઈ જાય તો તેની ઝકાત એક ૧ વર્ષનું નર કે માદા વાછરડું છે, અને જ્યારે ગાયો ૪૦ થઈ જાય તો બે વર્ષનું એક માદા વાછરડું ઝકાત કાઢવાની રહેશે. આ રીતે આગળ પ્રત્યેક ૩૦ પર એક ૧ વર્ષનું માદા વાછરડું અને પ્રત્યેક ૪૦ પર બે વર્ષનું માદા વાછરડું ઝકાતના રૂપમાં કાઢવાનું રહેશે. ફુકહાએ ભેંસોને ગાયોની જ જાતમાં સામેલ કરેલ છે.

ઘેટાં-બકરાનો ઝકાતનો નિસાબ :

૪૦ થી ઓછી બકરીઓ પર ઝકાત નથી. જ્યારે તેમની સંખ્યા ૪૦ થી વધારે હોય તો એક બકરી ઝકાત હશે. ૧૨૦ બકરીઓ સુધી આ જ ઝકાત છે. ૧૨૧ થી ૨૦૦ બકરીઓ સુધી બે બકરીઓ ઝકાતમાં કાઢવામાં આવશે. ૨૦૧ થી ૩૦૦ સુધી ત્રણ બકરીઓ અને ૩૦૧ થી ૪૦૦ બકરીઓ સુધી ૪ બકરીઓ ઝકાત થશે. જ્યારે બકરીઓની સંખ્યા ૪૦૦ થી વધારે હોય તો પ્રત્યેક ૧૦૦ બકરીઓ પર એક બકરીના હિસાબથી ઝકાત કાઢવાની રહેશે. તે ઉપરાંત, અન્ય પશુઓ, જેમ કે ઘોડા, ગધેડા તેમાં ઝકાત નથી, સિવાય કે તે વેપાર માટે રાખવામાં આવેલ હોય.

ગુપ્ત ખજાના અને ખાણની ઝકાત :

જમીનના નીચે દબાયેલ એ તમામ વસ્તુઓ આમાં સામેલ છે, જેને પહેલાના લોકોએ દાટેલ હોય, અથવા અલ્લાહ તઆલાએ જમીનના અંદર મૂકેલ હોય. જો તેની કિંમત બનતી હોય તો આ આદેશમાં સામેલ છે; જેમ કે સોનું, ચાંદી, પેટ્રોલ કે ભંડાર કે ખજાનો વગેરે. તેની ઝકાત એક-પંચમાશ અર્થાત્ વીસમો ભાગ છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : «فِي الرِّكَازِ الْخُمُسُ» અર્થાત્ ‘રૂકાઝ’ એક-પંચમાશ છે. (‘રૂકાઝ’ એટલે તમામ દટાયેલી વસ્તુઓ). (હદીસવેત્તાઓના એક જૂથે રિવાયત કરેલ છે.) મોટાભાગના ફુકહાનો મત છે એ કે વસ્તુઓની કિંમતના બદલે સ્વયં એ વસ્તુને ઝકાતમાં આપવી જોઈએ, કેમ કે રસૂલુલ્લાહ ﷺ એ આવું જ ફરમાવ્યું છે. એ જોતાં જ્યારે આપ ﷺ હઝરત મઆઝ

www.uzairfalahi.com

ﷺ ને યમન મોકલી રહ્યા હતા, તો તેમને કહ્યું હતું કે અનાજમાંથી અનાજ, બકરીઓમાંથી બકરીઓ, ઊંટોમાંથી ઊંટ અને ગાયોમાંથી ગાય ઝકાતમાં લેજો. (અબૂ દાઊદ, ઇબ્ને માજા) આનાથી વિપરીત, હનફીઓનો મત એ છે કે કિંમત દ્વારા પણ જો અદા કરી દેવામાં આવે તો જાઈઝ છે, કેમ કે આમાં ઝકાત કાઢનારને સહુલત મળી જાય છે અને રોકડમાં જરૂરતમંદને એ સરળતા રહે છે કે પોતાની જરૂરતને ધ્યાનમાં રાખીને તે જેમ ઇચ્છે ખર્ચ કરી શકે છે. દેખીતી રીતે બંને પર અમલ કરવામાં કોઈ વાંધો નથી, છેવટે ઝકાતથી હક્કદારોની સહુલત જ નજર સામે રહે છે, જેઓ જુદી-જુદી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા હોય છે. તેથી વધારે સારું એ જ છે કે મામલો આલિમો પર છોડી દેવામાં આવે કે તેઓ પરિસ્થિતિ અને સંજોગોને જોઈને હેતુની પ્રાપ્તિ માટે વ્યવહારૂ અમલનું સ્વરૂપ નક્કી કરે.

કરજ (દેવા)ની ઝકાત :

જો કોઈ મુસલમાન કોઈને એટલો માલ કે ધન કરજના રૂપમાં આપે કે તે ઝકાતના નિસાબના પ્રમાણના બરાબર થાય અને તેના પર એક વર્ષ વીતી જાય, તો તેની ઝકાત કરજ આપનાર પર લાગુ થશે. અલબત્ત, અદા ત્યારે કરવાની થશે, જ્યારે તે તેના કબજામાં આવી જાય, અર્થાત્ કરજદાર તેને પરત કરી દે. જો આ રકમ તેને પાછી ન મળે તો તેના પર ઝકાત નથી. આ જ મોટાભાગના આલિમોનો મત છે.

કઈ વસ્તુઓ પર ઝકાત નથી :

જો કોઈની પાસે મકાન છે, જેનો તે પોતાના રહેવા માટે ઉપયોગ કરી રહ્યો હોય, તો તેના પર ઝકાત નથી. એ જ પ્રમાણે તેના અંગત ઉપયોગની વસ્તુઓ પર ઝકાત નથી, જેમ કે કપડાં, ઘરમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓ, ગાડીઓ-વાહનો, સાજ-સજ્જાનો સામાન (સોના-ચાંદી સિવાય), વધુમાં મશીનો, અંગત પુસ્તકો વગેરે.

www.uzairfalahi.com